सा विद्या या विमुक्तये

# જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરી

## જિલ્લા શિક્ષણ સમિતિ, જિલ્લા પંચાયત, જુનાગઢ

ફોન નં.૦૨૮૫–૨૯૯૦૪૫૭૯–મેઈલ : dpeo-ddo-jun@gujarat.gov.in

નં.જિશિસ/મકમ–૧/વશી/વધ–ઘટ કેમ્પ/૧૫૦૮-૦૪/૨૦૨૪ **તા.૧૬/૦૮/૨૦૨૪**

**પ્રતિ,**
**તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ**
**જિ.જુનાગઢ**

**વિષય:–** **વધ બદલી કેમ્પ – ૨૦૨૪ બાબત.**

**સંદર્ભ :–** (૧) શિક્ષણ વિભાગ, ગુજરાત રાજય, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક : પીઆરઈ/૧૧૨૦૧૨/૬૨૧૦૬૫/ક(ભાગ–૧), તા.૧૧/૦૫/૨૦૨૩
(૨)પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, ગુ.રા., ગાંધીનગરના પત્ર ક્રમાંક : પ્રાશિનિ/ક–નીતિ/૨૦૨૪/૧૩૦૧–૫૨, તા.૧૬/૮/૨૦૨૪

ઉપરોકત વિષય અને સંદર્ભપત્ર અન્વયે તા.૩૧/૦૭/૨૦૨૪ ની સ્થિતિએ મંજૂર કરેલ મહેકમ સામે પ્રાથમિક શિક્ષકો / ઉચ્ચ પ્રાથમિક શિક્ષકોની વધ સરભર અંગેના કેમ્પ શિક્ષણ વિભાગના સંદર્ભ–૧ના ઠરાવ તેમજ સંદર્ભ–૨ થી થઈ આવેલસુચનાઓ ધ્યાને લઈ નીચે મુજબની વિગતે રાખવામાં આવેલ છે.સદરહુ કેમ્પની જાણ આપના તાલુકાની તમામ શાળાઓને કરવાની રહેશે.

| ક્રમ | તાલુકાનું નામ | કેમ્પની તારીખ | સમય | કેમ્પનું સ્થળ |
|---|---|---|---|---|
| ૧ | તમામ તાલુકા (ઉચ્ચ પ્રાથમિક વિભાગના વધમાં આવતા શિક્ષકો) | **૨૦/૦૮/૨૦૨૪ મંગળવાર** | **સવારે ૧૧.૦૦ કલાકે** | **બી.આર.સી. ભવન, જુનાગઢ ગ્રામ્ય, બિલખા રોડ, જુનાગઢ** |
| ૨ | તમામ તાલુકા (નિમ્ન પ્રાથમિક વિભાગના વધમાં આવતા શિક્ષકો) | **૨૦/૦૮/૨૦૨૪ મંગળવાર** | **સવારે ૧૨.૦૦ કલાકે** | |

**સુચનાઓ:–**

(૧) વધના શિક્ષકની ગણતરી કરવા બાબતેસંદર્ભ–૧ ના ઠરાવની જોગવાઈઓ ધ્યાને લેવાની રહેશે.

(૨) સંદર્ભ–૧ વાળા ઠરાવની જોગવાઈઓ મુજબ અગાઉવધમાં બદલી થયેલ શિક્ષક/વિદ્યાસહાયક ની મુળ શાળા/મુળ તાલુકામાં પરત આવવા માંગતા હોય તો તેવા શિક્ષક / વિદ્યાસહાયકશ્રીએ પણ કેમ્પમાં ઉપસ્થિત રહેવાનું રહેશે. અને તેઓએ હાલની શાળાનું પ્રમાણપત્ર અને વધ બદલીનો આદેશ સાથે લાવવાનો રહેશે.

(૩) કેમ્પમાં ભાગ લેનાર શિક્ષક/વિદ્યાસહાયકશ્રીએ **આ સાથે સામેલ નિયત નમૂનાનું પ્રમાણપત્ર** તથા કોઈપણ એક ઓળખ અંગેનો માન્ય આધારતેમજતમામ સાધનિક આધારો સાથે કેમ્પમાં ઉપસ્થિત રહેવાનું રહેશે. સંબંધિત તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીએ શિક્ષક/વિદ્યાસહાયકની સર્વિસબુકના આધારે સીનિયોરીટીની ખરાઈ કરી પ્રમાણપત્ર આપવાનું રહેશે.

(૪) કેમ્પની તારીખના દિવસે જે જગ્યાઓ ખાલી હોય, તેવી તમામ જગ્યાઓ કેમ્પમાં દર્શાવવાની રહેશે.

(૫) અગાઉના માંગણી મુજબના બદલી કેમ્પોમાં વહીવટી કારણોસર છૂટા થયેલ ન હોય તેવા તમામ શિક્ષકોને બદલી આદેશની અમલવારી થઈ ગયેલ ગણી બદલીવાળી જગ્યાએ હાજર ગણવાનાં રહેશે અને હાલની શાળામાંથી છૂટા થયેલ ગણવાનાં રહેશે.

(૬) તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીએ કેમ્પમાં જરૂરી તમામ રેકર્ડ સાથે જાતે જ ઉપસ્થિત રહેવાનું રહેશે.

(૭) વધ વાળા શિક્ષક/વિદ્યાસહાયકશ્રીએ અવશ્ય કેમ્પના સ્થળે હાજર રહી સ્થળ પસંદ કરવાનું રહેશે.ગેરહાજરી કે સ્થળ પસંદગી નહીં કરવાના કિસ્સામાં કેમ્પ પુર્ણ થયા બાદ કમીટી નિર્ણય કર્યે એકતરફી હુકમ કરવામાં આવશે અને પાછળથી કોઈ હકક દાવો કરી શકાશે નહીં.

(૮) વધમાં પડતા શિક્ષકશ્રીને તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીએ તાલુકા કક્ષાએથી વધ કેમ્પમાં હાજર રહેવા અંગેની લેખીત આદેશથી જાણ કરી, તેની બજવણી કર્યા અંગેનું રેકર્ડ તાલુકાકક્ષાએ નિભાવવાનું રહેશે અને ભવિષ્યમાં જરૂર જણાયે રજુ કરવાનું રહેશે.

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
જિ.શિ.સ.,જિ.પં.,જુનાગઢ

<u>નકલ સવિનયજાણ અર્થે રવાનાઃ–</u>

૧) માન. પ્રમુખશ્રી,જિલ્લા પંચાયત, જુનાગઢ
૨) માન.પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, ગુ.રા., ગાંધીનગર
૩) માન.જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લાપંચાયત, જુનાગઢ
૪) માન.અધ્યક્ષશ્રી, જિલ્લા શિક્ષણ સમિતિ, જિલ્લાપંચાયત, જુનાગઢ

<u>નકલ જાણઅર્થે રવાનાઃ–</u>

પ્રમુખશ્રી/મંત્રીશ્રી,માન્ય મંડળ તમામ, જિ.જુનાગઢ

<u>નકલ અમલ અર્થે રવાનાઃ–</u>

આચાર્યશ્રી, પ્રાથમિક શાળા, તમામ જિ.જુનાગઢ (મારફત : તા.પ્રા.શિ.અધિ.)

જિલ્લા શિક્ષણ સમિતિ, જિલ્લા પંચાયત, જુનાગઢ

## વધ બદલી કેમ્પ અન્વયે રજુ કરવાનું પ્રમાણપત્ર

| | | | | |
|---|---|---|---|---|
| 1 | શિક્ષકનું સેવાપોથી મુજબનું પુરૂ નામ | | | |
| 2 | હોદ્દો | | | |
| 3 | વિભાગ | | વિષય | |
| 4 | હાલની શાળાનું નામ | | DISE Code | |
| 5 | પે.સેન્ટર શાળાનું નામ | | | |
| 6 | તાલુકો | | | |
| 7 | હાલની શાળામાં દાખલ તારીખ | | | |
| 8 | જન્મ તારીખ | | | |
| 9 | ખાતામાં દાખલ તારીખ | | | |
| 10 | જિલ્લાફેરથી આવ્યા હોય તો આ જિલ્લાના જિલ્લાફેર બદલી આદેશની તારીખ | | | |
| 11 | નોકરીનું વૃતાંત (પ્રથમ નિમણુંકથી લઈ હાલની શાળા સુધી)(વધુ વિગતનાકિસ્સામાં અલગ પત્રક રજુ કરવાનું રહેશે.) | | | |

| કઈ તારીખથી કઈ તારીખ સુધી | શાળાનું નામ, તાલુકો, જિલ્લો | બદલી/નિમણુંકના હુકમ નંબર | બદલી/નિમણુંક હુકમની તારીખ | બદલીનો પ્રકાર / અગ્રીમતા |
|---|---|---|---|---|
| | | | | **નવી નિમણુંક** |
| | | | | |
| | | | | |
| | | | | |

| | | |
|---|---|---|
| 12 | વિશેષ નોંધ | |

**<u>પ્રમાણપત્ર</u>**

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી________________________________,આ.શિ., ____________પ્રાથમિક શાળા, તાલુકો–____________જિ. જુનાગઢની ઉપર મુજબની તમામ વિગત શાળા / કચેરીના રેકર્ડ તથા સેવાપોથી આધારે ખરાઈ કરી ભરવામાં આવે છે. જેની અમોએ જાત ચકાસણી કરેલ છે. જે બરાબર છે. જેની ખાત્રી બદલ આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

____________________
શિક્ષકની સહી

આચાર્ય
__________ પ્રા.શાળા
તાલુકો __________

આચાર્ય
____________ પે.સે.શાળા
તાલુકો __________

તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી
તાલુકો __________